મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૯૨ ટકા
ગાંધીનગર તાપમાન

સિવિલની બ્લડબેંકમાં કોમ્પોનેટ સિસ્ટમ કાર્યરત

એક જ રકતદાતાના લોહીમાંથી ઘટકો જુદા પાડતા ત્રણ દર્દીઓને લાભ મળશે

ગાંધીનગર, તા.૧૩

રકતદાન ને મહાદાન માનવામાં આવે છે. અત્યારે હાલ નાગરીકોને રકતદાન કરવા માટે સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા સમજાવવામાં આવે છે. વિવિધ સંસ્થાઓ દ્વારા રકતદાન કેમ્પ યોજીને બ્લડબેંકમાં જમા કરાવે છે તેમ છતા હોસ્પિટલોમાં બ્લડની અછત સર્જાય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોમ્પોનેટ મશીન વસાવીને તેના જરૂરી પ્રમાણપત્રો મેળવવામાં આવ્યા છે. હોસ્પિટલમાં વસાવેલા કોમ્પોનેટ સિસ્ટમથી એક બોટલ લોહીમાંથી ત્રણ ઘટકો જુદા પાડવામાં આવે છે. જેમાં રકતકણો, પ્લેટલેઈટ અને પ્લાઝમાનો સમાવેશ થાય છે. ત્યારે હવે આ સિસ્ટમથી એક જ બોટલ લોહીમાંથી ત્રણ અલગ અલગ દર્દીઓને લાભ મળી શકે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૧૯૯૨થી બ્લડબેંક શરુ કરાઈ છે. જેના પગલે શહેરમાં હવે તો બ્લડ ડોનેશન કેમ્પ પણ ઘણા યોજાય

છે. આ બ્લડબેંકથી અનેક હોસ્પિટલમાં સર્જાતી વારંવાર દર્દીઓને લાભ થયો છે ત્યારે સર્જાતી લોહીની અછતને નિવારવા અને વધુમાં વધુ દર્દીઓને બ્લડબેંક બ્લડ આપી શકે તેવા ઉમદા હેતુથી કોમ્પોનેટ સિસ્ટમ શરુ કરવામાં આવી છે. બ્લડ ડોનેટ કરતા નાગરીકના રકતમાંથી અલગ અલગ ઘટકો છુટા પાડીને જે દર્દીઓને જે ઘટકની જરુરીયાત હોય તે ઘટક કે લોહી ચઢાવવામાં આવે તે પધ્ધતિથી આ કોમ્પોનેટ સિસ્ટમ કાર્યરત છે. ફુડ એન્ડ ડ્રગ્સ સહિતના તમામ વિભાગના લાયસન્સ પણ સિવિલે મેળવી લીધા છે. ત્યારે આ કોમ્પોનેટ સિસ્ટમ અંગે વધુ જણાવતા ડો. હર્ષિદ પટેલ કહ્યું હતું કે રકતદાતાઓના લોહીમાંથી તેના જરૂર પ્રમાણેના ઘટકો જેવા કે પેકડરેડ બ્લડ સેલ, કોન્સન્ટ્રેટ, ફ્રેશ ફ્રોજન પ્લઝમા, પ્લેટલેટ કોન્સન્ટ્રેટ, ક્રાયો પ્રેસીપીટેટ જેવા ઘટકો આ કોમ્પોનેટ મશીનની મદદથી છુટા પાડવામાં આવે છે. કોમ્પોનેટ મશીનમાં જુદીજુદી સ્પિડે લોહીને ફેરવવામાં આવ્યા બાદ તેમાથી નીકળતા રકતકણો, પ્લેટલેટ અને પ્લાઝમાને જરુરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે આપવામાં આવે છે. એક જ રકતમાંથી ત્રણ ઘટકો જુદા પાડીને ત્રણ દર્દીઓ તેનો ઉપયોગ તેનો ઉપયોગ કરી શકે છે. જેનાથી લાભ લેનાર દર્દીઓને બિનજરૂરી અન્ય ઘટકની આડઅસર પણ થતી નથી. જેને પગલે આ સિસ્ટમ દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબિત બની રહી છે.

વાતવાતમાં

● ગાંધીનગરના એસ.ટી.ડેપોથી બિનવારસી હાલતમાં મળી આવેલ નવજાત શિશુને અંતે તંદુરસ્ત હાલતમાં અમદાવાદ ખાતેના શિશુગૃહને સુપરત કરવામાં આવ્યું છે. આ બાળકને દત્તક લેવા તૈયારી દર્શાવતા શહેરના અસંખ્ય દંપતિઓના ફોન પોલિસ પર આવ્યા હતા. પરંતુ પોલિસે તેમને બાળક દત્તક લેવાની કાયદાકીય પ્રક્રિયાને અનુસરવાની સલાહ આપી હતી.

● જાપાનના વડાપ્રધાન શિન્જો આબેના આગમનને પગલે સોશ્યલ મિડિયા પર જાપાનીઝ ભાષાના શબ્દોનો ઉપયોગ નેટીઝન્સ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ શબ્દોમાં સુસ્વાગતમ, ગુડ મોર્નિંગ, ગુડનાઈટ વગેરેના જાપાનીઝ શબ્દોનો સૌથી વધુ ઉપયોગ કરાયો છે.

● નવરાત્રિ પર્વને આડે એકાદ સપ્તાહ જેટલો સમય બચ્યો છે ત્યારે આકાશી વાદળો અને વરસાદી માહોલ આયોજકો માટે ચિંતાજનક સ્થિતિ સર્જી રહ્યા છે. ચાલુ નવરાત્રિએ વરસાદ આવે તો તાત્કાલિક કેવા પગલા લેવા તે અંગે બેઠકોમાં ચર્ચા વિચારણા કરાઈ રહી છે.

● ગુરુવારે જાપાનના વડાપ્રધાન શિન્જો આબે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા મંદિરે કાર્યક્રમમાં હાજરી આપવાના હોઈ કરાયેલા જડબેસલાક બંદોબસ્તને પગલે સ્કૂલવાન ચાલકો અને સ્કૂલ રીક્ષા ચાલકો મુંઝવણમાં મુકાયા છે. અગાઉ આ પ્રકારના બંદોબસ્ત વખતે પડેલી તકલીફ આ વખતે પણ પડશે કે કેમ તે બાબતે વાલીઓ પણ ચિંતાગ્રસ્ત બન્યા છે.

છેતરપિંડીનાં ગુનામાં સંડોવાયેલા સ્વામીનાં આગોતરા જામીન મંજુર

ગાંધીનગર, તા.૧૩

ડભોડા નજીક આવેલા રતનપુર ગામમાં રહેતા એક જમીન દલાલે એપ્રિલ માસમાં લીંબડીયા કેનાલમાં આપઘાત કરી લીધો હતો. કેનાલ બહાર પડેલી તેની કારમાંથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી અને તેમા મેઘરજની એક જમીનમાં પોઈચાનાં એક સ્વામી તથા તેના માણસો દ્વારા કરવામાં આવેલી છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ઉલ્લેખ કરાયેલો હતો. આ સ્યુસાઈડ નોટમાં મૃતકનાં જ અક્ષર હોવાનો રિપોર્ટ એફ.એસ.એલ માંથી આવી જતા મૃતકની પત્નીની ફરિયાદને આધારે ડભોડા પોલીસે સ્વામી સહિત ચાર શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા સ્વામી જયસ્વરૂપનાં આજે ગાંધીનગર કોર્ટે આગોતરા જામીન મંજુર કર્યા છે.

આ કેસની માહિતી મુજબ ડભોડા નજીક રતનપુર ગામનાં જમીન દલાલ પ્રવિણસિંહ ઉર્ફે શાભાજી બબુજી બિહોલાએ ૧૩ થી ૧૫ એપ્રિલ વચ્ચે કોઈ પણ સમયે લીંબડીયા નર્મદા કેનાલ બહાર તેની ગાડી મુકીને આપઘાત કરી લીધો હતો. ગાડીમાંથી તેમનો મોબાઈલ અને એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી જેમાં તેમના લેવડ-દેવડનાં હિસાબો અને આપઘાત કરવા મજબુર કરનાર કિસ્સાનો ઉલ્લેખ કરેલો હતો. મેઘરજની એક જમીનમાં તેની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થઈ હતી અને તે કરનારનાં નામો પણ સ્યુસાઈડ નોટમાં લખેલા હતા. જેમા પોઈચાનાં એક સ્વામી અને તેના માણસોના નામો લખેલા હોવાથી ખળભળાટ મચી જવા પામ્યો હતો. મૃતકની પત્નીની ફરિયાદ લઈ સ્યુસાઈડ નોટ આધારે ડભોડા પોલીસ મથકનાં પી.એસ.આઈ ડી.બી.વાળાએ પોઈચાવાળા સ્વામી જયસ્વરૂપ તથા તેમના માણસો મયુર પટેલ, દર્શનભાઈ અને પાર્થ પટેલ સહિત ચાર શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૩૦૬, અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી હતી. આ કેસ સંદર્ભે પોઈચાવાળા સ્વામી જયસ્વરૂપદાસે વકીલ બી.આર. શર્મા મારફતે ગાંધીનગરની ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. વકીલ બી.આર. શર્માની દલીલોને ધ્યાને લઈ ડીસ્ટ્રીક્ટ કોર્ટે જયસ્વરૂપ સ્વામીની આગોતરા અરજી મંજુર કરી છે.

જાપાનના વડાપ્રધાન શિન્જો આબેના આગમનને પગલે પાટનગરને નવોઢાની જેમ શણગારવામાં આવ્યું છે. શહેરના બ્યુટિફિકેશન માટે તાત્કાલિક નવા બસ સ્ટેન્ડ ઉભા કરાયા છે અને જે બસ સ્ટેન્ડ જુના યથાવત રખાયા છે તેને પણ રંગરોગાન કરીને ચમકાવવામાં આવ્યા છે. ઘ-૦ સર્કલનું આ બસ સ્ટેન્ડ રંગરોગાન થયા બાદ સર્વેનું ધ્યાનાકર્ષિત કરી રહ્યું છે.

રિલાયન્સ ચોકડીએ વિશાળ સર્કલ વાહનચાલકો માટે અગવડરૂપ

ગાંધીનગર, તા.૧૭

ન્યુ ગાંધીનગરના નવ વિકસિત વિસ્તારના હાર્દ સમા રિલાયન્સ ચાર રસ્તા પર વિકસાવાયેલ સર્કલને અતિશય મોટું બનાવાતા વાહનચાલકોમાં કચવાટની લાગણી પ્રસરવા પામી છે. આ વિસ્તારના રહીશોમાં પણ આ સર્કલને થોડું નાનું કરાય તેવી માંગ પ્રવર્તી રહેલી જોવા મળી રહી છે.

ઈન્ફોસીટી સુપરમોલ પાસેથી ટીસીએસ થઈને કુડાસણ તરફ જતા માર્ગ પર ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ પાસેના સરગાસણ-શાહપુર બાયપાસ રોડ પરના ચાર રસ્તાને રિલાયન્સ ચોકડીથી ઓળખવામાં આવે છે. આ ચાર રસ્તા પર હાલમાં વડાપ્રધાનના આગમનને પગલે બ્યુટિફીકેશન હાથ ધરાયું અને વિશાળ સર્કલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સર્કલની મધ્યમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પ્રતિમા પ્રસ્થાપિત કરાઈ છે. જેનું લોકાર્પણ હજુ બાકી છે પરંતુ આ સર્કલની વિશાળતા અહીંથી પસાર થતા વાહનચાલકો માટે અગવડભરી બનવા પામી છે. ખાસ કરીને પીકઅપ અવર્સ દરમિયાન અહીં ટ્રાફિક વધુ હોય ત્યારે મોટા સર્કલને કારણે વાહનચાલકોમાં ભારે ગુંચવણ પેદા થાય છે, વળી અહીંથી ભારે વાહનોને ચિલોડા-હિંમતનગર તરફનો બાયપાસ આપેલો હોઈ નાના વાહનાલકો માટે જોખમરૂપ બને છે જેના પગલે આ સર્કલને થોડું નાનું કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

જયોતિ મહિલા મંડળ દ્વારા બેડા ગરબા સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના જયોતિ મહિલા મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિ નિમિત્તે ફરતા વય જુથની ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૨૧મી સ્પેટમ્બરે બપોરે ૧.૩૦ કલાકે સે-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસના ખીમજી વિસરામ હોલ ખાતે યોજાશે.

જયોતિ મહિલા મંડળ આયોજિત ફરતા ગરબા સ્પર્ધા વિવિધ વય જુથ માટે યોજાશે. જેમાં ૫ થી ૧૦ વર્ષ, ૧૧ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૨૫ વર્ષ, ૨૬ થી ૩૫ વર્ષ ૩૬ થી ૪૫ વર્ષ, ૪૬ થી ૬૦ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના વય જુથનો સમાવેશ કરાયો છે. સ્પર્ધામાં બેડા ગરબો જેમાં માથે ગરબો કે હેલ લઈને ફરવાનો રહેશે. આ ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માટે પાસ મેળવવા નીરૂબેન નાયક ફોન નં. ૨૩૨૨૬૫૪૬, કોકિલાબેન નાયક ફોન નં. ૨૩૨૨૮૧૧૩, શકુંતલાબેન શાહ ફોન નં. ૨૩૨૨૯૪૪૭, હર્ષાબા ધાંધલ મો.નં. ૯૮૨૫૪૯૪૩૯૭ અથવા મમતાબેન રાવલ મો. નં. ૯૮૭૯૫૨૮૭૨૨ વગેરેમાંથી ગમે તે એકનો સંપર્ક સાધવા જણાવાયું છે. આ ગરબા સ્પર્ધામાં વિશાળ સંખ્યામાં ભાગ લેવા શહેરની બહેનોને સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આઈ લવ માય ગાંધીનગર

અમિતા વાઘેલા છત્રાલા
એડવોકેટ અને સોશિયલ એક્ટીવિસ્ટ

ગાંધીનગર ગમે
રહેવા માટે એકદમ અનુકૂળ અને રમણીય શહેર હોવા ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસ ને રોજગારની તકો અહીં હોવાને કારણે પણ ગાંધીનગર ગમે છે.

નગરજનો
શિક્ષિત, સ્ટેટ ફોરવર્ડ ને સજ્જન.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે
અનેક પ્રકારની સંસ્થાઓ અનેક પ્રકારનાં કાર્યક્રમો શહેરમાં કરે છે. એ જ કારણે શહેર પ્રવૃત્તિઓથી ધમધમે છે. સૌને અભિનંદન ને પ્રણામ.

નગરને બહેતર બનાવવા
શહેરના પ્રત્યેક નાગરિકના દિલમાં 'આ નગર મારું છે' એવી ભાવના જન્માવી શકાય તો નગરને બહેતર બનાવી શકાય.

નગર માટે હું કરી શકું
રોજગારલક્ષી માર્ગદર્શન અને વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો માટે મારી સર્વ પ્રકારની સહાય નગરને પૂરી પાડવા માટે હું તૈયાર છું.

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજનો યુથ ફેસ્ટીવલમાં દબદબો

તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત ઉત્તર વિભાગીય યુવક મહોત્સવમાં ૭૨ કોલેજોએ કુલ-૨૫ ઉપરાંત સ્પર્ધાઓમાં આશરે ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં ગાંધીનગરની પ્રતિષ્ઠિત ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજે પણ વિવિધ સાહિત્યિક, કલાત્મક, બૌધ્ધિક તથા નાટ્ય સ્પર્ધાઓમાં કુલ-૩૮ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. તેમાં રંગોળી તથા કાર્ટુનીંગ જેવી કલાત્મક સ્પર્ધામાં તથા મિમીક્રી, માઈમ સ્કીટ તથા શેરી નાટક જેવી નાટ્ય સ્પર્ધાઓમાં કુલ છ સ્પર્ધાઓમાં કોલેજ વિજેતા બની હતી. આ જવલંત સફળતા બદલ કોલેજ પરિવાર વતી આચાર્યા ડૉ.અમૃતાબહેન પટેલે વિદ્યાર્થિનીઓ તથા યુવક મહોત્સવના ઈન્ચાર્જ પ્રા.પાયલબહેન પંડયા તથા સમિતિના સભ્યો ડૉ. કીર્તિકમલ વાઘેલા તથા ડૉ. પ્રણવ જોષીપુરાને અભિનંદન પાઠવ્યા છે. અત્રે નોંધપાત્ર બાબત એ છે કે મિમીક્રીમાં સતત ત્રીજી વખત આ કોલેજ વિજેતા થયેલ છે. હવે કોલેજ આગામી ૧૯,૨૦ સપ્ટેમ્બરના રોજ આંતર વિભાગીય યુવક મહોત્સવમાં ભાગ લેશે.

સે-૫ સી નવરાત્રી સમિતિના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૧૩

શ્રી શિવ-શકિત સોસાયટી સેકટર-૫ સી નવરાત્રી મહોત્સવ સમિતિની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે નરેશભાઈ દવે, મંત્રી તરીકે નિલેષભાઈ મોદી, ખજાનચી તરીકે વિ.કે.રાવલ, સહમંત્રી રઘુવીર પ્રજાપતિ, મનોજ જોષી, ગૌરાંગ પારેખ, સંગઠન મંત્રી આશિષ દરજી, યજ્ઞ ઠાકર, તેજસ દવે અને રવિન્દ્ર રાજપુત, જયારે સલાહકાર તરીકે પ્રવિણભાઈ દરજી,આર.કે.પટેલ, એમ.એશ.બરંડા, અને ભરતભાઈ નિનામાનો સમાવેશ થાય છે. નવનિયુકત નવરાત્રી સમિતિના હોદેદારોએ સૌ નગરજનોને નવરાત્રી મહોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

મીના બજારના સદ્‌ગત વેપારીના વારસદારોને આર્થિક સહાય

માનવીના સારા સમયમાં ભલે સાથે ના હોય પરંતુ દુઃખની ઘડીમાં જે સાથે ઉભો રહે તે સાચો સ્વજન કહેવાય. ગાંધીનગરના જુના સચિવાલયને અડીને આવેલ મીના બજારમાં લારી ગલ્લા તથા પાથરણાં થકી નાનો મોટો વેપાર કરી પેટીયું રળતા નાના નાના વેપારીઓના

બનેલા પ્રગતિ લારી-ગલ્લા પાથરણા મંડળ છેલ્લા દસ વર્ષથી તેના સભ્યો માટે સાચા સ્વજનની ભૂમિકા ભજવી રહ્યું છે. આ મંડળનો નિયમ છે કે જયારે પણ તેના કોઈ સભ્યનું અવસાન થાય ત્યારે તેના વારસદારોને રૂ. ૧૧ હજારની આર્થિક સહાયના ભાગરૂપે તાત્કાલિક મદદ પુરી પાડવી. આ નિયમ અંતર્ગત તાજેતરમાં મીનાબજારમાં વેપારી સ્વ. જનકચંદ્રનું અવસાન થતા મંડળ દ્વારા તેમના વારસદારોને રૂ. ૧૧ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ ચેક મંડળના પ્રમુખ તુલસીભાઈ કે. માળી તથા સભ્યો રમેશભાઈ ઠકકર અને કનુભાઈ વાલેરાએ સદ્‌ગતના વારસદારોને સુપરત કર્યો હતો.

શહેરમાં શ્રાદ્ધ પર્વમાં કાગડા ગાયબ

ગગનમાં વિહરતા જીવો શહેરના દુષિત પર્યાવરણથી દૂર થતા ગયા : જો કે શ્રધ્ધાપૂર્વક બ્રાહ્મણ, ગાય, કુંવારી કન્યા, સાધુ-સંતો અને ભિક્ષુકને ભોજન આપવાથી પણ શ્રાદ્ધ કર્મ પુર્ણ થઈ પિતૃઓ તૃપ્ત થાય છે

ગાંધીનગર, તા.૧૩

હિંદુ ગ્રંથોમાં શ્રાદ્ધકર્મનો વિશેષ ઉલ્લેખ કરી પિતૃઓની તૃપ્તિ અર્થે શ્રધ્ધાપુર્વક કરેલું શ્રાદ્ધ પરિવાર માટે ફળદાયી અને આર્શીવાદરૂપ બને છે. શ્રાદ્ધ પર્વમાં પરંપરા અનુસાર કાગવાસ નાંખવાનો મહિમા વર્ણવાયો છે. પરંતુ સમયાંતરે કાગડાઓ ગાયબ રહે છે જેથી શ્રાદ્ધકર્મ કરનાર વ્યાકુળતા અનુભવે છે. આધુનિક ટેકનોલોજી અને દુષિત વાતાવરણ અસહ્ય બનતા આ ગગનજીવો શહેરી વિસ્તાર ત્યજી રહ્યા છે.

ભાદરવા મહિનામાં સુદ પૂનમથી શરૂ થતું શ્રાદ્ધ પર્વ અમાસની તિથિએ પુર્ણ થાય છે. તિથિઓ મુજબ પિતૃઓના શ્રાદ્ધ થતા હોય છે જેમાં સર્વ પિતૃ શ્રાદ્ધ અને ડોશીઓનું નોમનું શ્રાદ્ધનો વિશેષ ઉલ્લેખ છે. શ્રાદ્ધ કર્મ કરનાર પોતાના રહેઠાણની છત ઉપર પકવાન, ખીર સહિત કાગવાસ નાખી પિતૃઓને ભોજન કરાવ્યાનો સંતોષ માને છે પરંતુ હાલ કાગડાઓ આ કાગવાસ માટે દેખાતા નથી. જેથી શ્રાદ્ધીનું મનઅસંતોષી રહે છે. દેશભરમાં અત્યાધુનિક ટેકનોલોજી થકી વાતાવરણમાં પેદા થતું દુષણ ગગનમાં વિહરતા જીવો માટે અસહ્ય બનતા કાગડા સહિતની આ ગગન વિહારી જાતિ જંગલ કે શુદ્ધ વાતાવરણને પસંદ કરી ત્યાં વસવાટ કરે છે. જો કે શાસ્ત્રોમાં ઉલ્લેખ મુજબ શ્રધ્ધા પૂર્વક બ્રાહ્મણ, ગાય, કુમારિકા, સાધુ-સંતો અને ભિક્ષુકને ભોજન કરાવવાથી પણ શ્રાદ્ધ કર્મનું ફળ પ્રાપ્ત થાય છે અને પિતૃઓ તૃપ્ત થઈ આર્શીવાદ આપે છે.

શ્રાદ્ધ કર્મ શાસ્ત્રમાં જરૂરી હોવાનું જણાવાયું છે. જે કરવાથી મનુષ્યને દીર્ઘાયુ, કિર્તી, વૈભવ, ધન-ધાન્ય, સંતાન પ્રાપ્તિ અને યશ પ્રાપ્ત થાય છે. પિતૃ ઋણથી મુકત થવા શ્રાદ્ધ કર્મ કરાય છે જેમાં ચાણોદ, સિધ્ધપુર, હરીદ્વાર વગેરે ધાર્મિક સ્થળોએ જઈ પણ પિતૃ તર્પણ કરાય છે. મત્સ્યપુરાણ, બ્રહ્મપુરાણ અને સ્કંધ પુરાણમાં શ્રાદ્ધનો ઉલ્લેખ છે જેમાં કાગવાસ તેમજ દાન પુણ્યનો મહિમા વર્ણવાયો છે. પ્રતિ વર્ષ કાગડાની અનુપસ્થિતિ થતી જાય છે ત્યારે પાત્ર અનુસાર તલ, દર્ભ અને જળની સાથે ધનનું દાન પણ શ્રાદ્ધમાં ગણાય છે. વિશેષ કરીને દુઃખીઓના દુઃખમાં સહભાગી બની કરેલું શ્રેષ્ઠ કર્મ સુખ, સમૃદ્ધિ અને ઈચ્છાપૂર્તિ આ પર્વમાં આપે છે.

ચિરવિદાય

- સ્વ. ભાનુમતીબેન શશીકાન્ત જાની, ઉ.વ. ૮૪
- સ્વ. હિમાંશુ કાંતિલાલ યાદવ, ઉ.વ. ૩૭
- સ્વ. સોલંકી સીતાબેન રમણજી, ઉ.વ. ૫૫